અગત્યનું

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: 1943
શાખાનું નામ: પરીક્ષા
તારીખ: ૯।૯।૨૧
સહી:

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૧/૭૩૪૧-૯૪
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૮/૦૯/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય: શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે શૈક્ષણિક કેલેન્ડરની વિગતો મોકલવા બાબત.
સંદર્ભ: અત્રેની તા.૨૬/૦૮/૨૦૨૧ની સિંગલ ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં કોવિડ-19 ની પરિસ્થિતિને કારણે સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અન્વયે તા.૦૭/૦૬/૨૦૨૧ થી હોમ લર્નિંગ અંતર્ગત ઓનલાઈન શિક્ષણ કાર્ય શરૂ કરવામાં આવેલ હતું. ત્યારબાદ પરિસ્થિતિમાં સુધારો થતાં સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણય અન્વયે તા.૧૫/૦૭/૨૦૨૧ થી ધોરણ-૧૨માં તેમજ તા.૨૬/૦૭/૨૦૨૧ થી ધોરણ-૯ થી ૧૧માં શાળાઓમાં પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય શરુ કરવામાં આવેલ છે.

સામાન્ય સંજોગોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રતિવર્ષ શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર તૈયાર કરવામાં આવે છે અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને તેની વિગતો જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ મારફતે મોકલવામાં આવે છે. કોવિડ-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર નિયત થઇ શકેલ ન હતું. શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડર બાબતે શાળાઓ દ્વારા વારંવાર પૃચ્છા કરવામાં આવે છે. સંદર્ભ દર્શિત ફાઈલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે શૈક્ષણિક સત્રના દિવસો, પરીક્ષાની તારીખની વિગતો, પરીક્ષાઓ અંગેની સૂચનાઓ, વેકેશનના દિવસો, જાહેર રજાઓની વિગતો તેમજ બોર્ડની પરીક્ષાની તારીખોની વિગતો આ સાથે મોકલી આપવામાં આવે છે. આ તારીખોમાં કોવિડ-19 ની પરિસ્થિતિને કારણે

E:\VK\Calender\Calender-21-22\પરિપત્ર-વાર્ષિક કેલેન્ડર ૨૦૨૧-૨૨.docx

સરકારશ્રીની સૂચના અન્વયે કોઈ ફેરફાર કરવાનો થાય તો તે મુજબ ફેરફાર કરવાનો રહેશે.

ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ: ઉપર મુજબ

પરિપત્ર નં_ ૭૬૫

ક્રમાંક- પરીક્ષા/શૈક્ષણિક/કેલેન્ડર/ ૨૦૨૧-૨૨
જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી.
અમરેલી. તા. ૦૯/૦૯/૨૦૨૧

નકલ રવાના જાણવા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી. જિ.અમરેલી-૦૨૮

પ્રતિ
આચાર્યશ્રી/આચાર્યશ્રી
આ જિલ્લાની તમામ ગ્રાન્ટેડ/સરકારી/નોનગ્રાન્ટેડ તમામ શાળાઓ
અમરેલી. જિ. અમરેલી

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શાળાકીય કેલેન્ડર : ૨૦૨૧-૨૨

### શૈક્ષણિક વર્ષ૨૦૨૧-૨૨ માટે વિવિધ પરીક્ષાની તારીખો

| પરીક્ષા | ધોરણ | સમય |
|---|---|---|
| પ્રથમ પરીક્ષા | ધો- ૯ થી ૧૨ તમામ | તા. ૧૮-૧૦-૨૧ થી ૨૭-૧૦-૨૧ |
| પ્રિલિમ/દ્વિતિય પરીક્ષા | ધો- ૯ થી ૧૨ તમામ | તા. ૨૭-૧-૨૨ થી ૪-૨-૨૨ |
| પ્રખરતા શોધ કસોટી | ધો- ૯ | તા. ૭-૨-૨૨ |
| બોર્ડના વિષયની શાળા કક્ષાએ લેવાની પરીક્ષા સૈદ્ધાંતિક- પ્રાયોગિક | ધો-૧૦ અને ૧૨ની તમામ પરીક્ષા | તા. ૯-૨-૨૨ થી ૧૧-૨-૨૨ |
| પ્રાયોગિક પરીક્ષા | ધો-૧૨ (વિ.પ્ર) | તા. ૧૪-૨-૨૨ થી ૨૩-૨-૨૨ |
| SSC/ HSCબોર્ડની પરીક્ષા | ધો-૧૦ અને ૧૨ની પરીક્ષા | તા. ૧૪-૩-૨૨ થી ૩૦-૩-૨૨ |
| શાળાકીય વાર્ષિક પરીક્ષા | ધો-૯ અને ૧૧ની તમામ પરીક્ષા | તા. ૧૧-૪-૨૨ થી ૨૧-૪-૨૨ |

### પરીક્ષાઓ અંગેની સૂચનાઓ:-

ઉપરોક્ત પરીક્ષાઓ નીચે પ્રમાણે લેવાની રહેશે.

૧. આ તમામ પરીક્ષાઓ ઓફલાઈન લેવામાં આવશે. પરંતુ કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે સરકારશ્રી દ્વારા આ અંગે જો કોઈ નિર્ણય કરવામાં આવે તો તે મુજબ ઓફલાઈન/ઓનલાઈન લેવાની રહેશે.

૨. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માટે ધોરણ-૯ થી ૧૨ના અભ્યાસક્રમમાં કોઈપણ ઘટાડો કરવામાં આવશે નહિ.

૩. ધોરણ-૯ થી ૧૨ની પ્રથમ પરીક્ષા માટે જુન થી સપ્ટેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે.

૪. ધોરણ-૧૦ અને ૧૨ની પ્રિલીમ પરીક્ષા માટે સંપૂર્ણ અભ્યાસક્રમ રહેશે.

૫. ધોરણ-૯ અને ૧૧ની દ્વિતીય પરીક્ષા માટે જુન થી જાન્યુઆરી સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જુન થી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી ૩૦% અભ્યાસક્રમ અને ઓક્ટોબર થી જાન્યુઆરી સુધીના અભ્યાસક્રમમાંથી ૭૦% અભ્યાસક્રમ રહેશે.

૬. ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા તેમજ ધોરણ-૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા માટે સંપૂર્ણ અભ્યાસક્રમ રહેશે.

૭. ઉપરોક્ત તમામ પરીક્ષાઓ માટે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં આવેલ પરીક્ષા પદ્ધતિ યથાવત રહેશે. પરીક્ષા પદ્ધતિમાં કોઈ ફેરફાર કરવાનો રહેશે નહિ.

૮. ધોરણ-૯ થી ૧૨ની પ્રથમ અને પ્રિલીમ/દ્વિતીય પરીક્ષાઓ તેમજ ધોરણ-૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાના નીચે મુજબના વિષયોના પ્રશ્નપત્રો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ મારફતે તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મોકલવામાં આવશે.

ધોરણ ૯ અને ૧૦: ગુજરાતી, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન

ધોરણ ૧૧ અને ૧૨: ગણિત, ભૌતિકવિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, અંગ્રેજી, નામાના મૂળતત્વો, વાણિજ્ય વ્યવસ્થા, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર

- બાકીના વિષયોના પ્રશ્નપત્રો શાળા કક્ષાએથી/SVS કક્ષાએથી તૈયાર કરવાના રહેશે.

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ - કાર્યદિવસોની વિગત**

| સત્ર | માસ | કામના દિવસો | રવિવાર | જાહેર રજા | વેકેશન દિવસ | કુલ |
|---|---|---|---|---|---|---|
| પ્રથમ સત્ર ૧૧૮ કાર્યદિવસો | જૂન -૨૧ | ૨૧ | 03 | - | 0૬(શૈ. વર્ષ ૨૦-૨૧) | 30 |
| | જૂલાઈ-૨૧ | ૨૬ | ૪ | ૧ | | 3૧ |
| | ઓગસ્ટ-૨૧ | ૨3 | ૫ | 3 | | 3૧ |
| | સપ્ટેમ્બર-૨૧ | ૨૫ | ૪ | ૧ | | 30 |
| | ઓક્ટોબર-૨૧ | ૨3 | ૫ | 3 | | 3૧ |
| | કુલ | ૧૧૮ | ૨૧ | ૮ | | |
| દિવાળી વેકેશન | નવેમ્બર -૨૧ | - | - | - | ૨૧ | ૨૧ |
| દ્વિતીય સત્ર ૧30 કાર્યદિવસો | નવેમ્બર -૨૧ | ૮ | ૧ | 0 | | 0૯ |
| | ડિસેમ્બર -૨૧ | ૨૬ | ૪ | ૧ | | 3૧ |
| | જાન્યુ -૨૨ | ૨૪ | ૫ | ૨ | | 3૧ |
| | ફેબ્રુ-૨૨ | ૨૪ | ૪ | 0 | | ૨૮ |
| | માર્ચ-૨૨ | ૨૫ | ૪ | ૨ | | 3૧ |
| | એપ્રિલ -૨૨ | ૨3 | ૪ | 3 | | 30 |
| | મે -૨૨ | 0 | ૧ | | | 0૧ |
| | કુલ | ૧30 | ૨3 | ૮ | | |
| ઉનાળુ વેકેશન | મે -૨૨ | - | - | - | 30 | 30 |
| | જુન-૨૨ | - | - | - | 0૫ | 0૫ |
| કુલ | | ૨૪૮ | ૪૪ | ૧૬ | ૫૬ | |
| નવું સત્ર શરૂ | તા.0૬-0૬-૨૦૨૨થી શરૂ... | | | | | |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શાળાકીય કેલેન્ડર : ૨૦૨૧-૨૨

### શૈક્ષણિક સત્ર અને વેકેશનની વિગત

| | | |
|---|---|---|
| પ્રથમ સત્ર | તા. ૭-૦૬-૨૧ થી ૩૧-૧૦-૨૧ | કાર્ય દિવસ : ૧૧૮ |
| દિવાળી વેકેશન | તા. ૧-૧૧-૨૧ થી ૨૧-૧૧-૨૧ | રજાના દિવસ : ૨૧ |
| દ્વિતીય સત્ર | તા. ૨૨-૧૧-૨૧ થી ૧-૦૫-૨૨ | કાર્ય દિવસ : ૧૩૦ |
| ઉનાળુ વેકેશન | તા. ૨-૦૫-૨૨ થી ૫-૦૬-૨૨ | રજાના દિવસ : ૩૫ |
| નવું સત્ર-૨૦૨૨ | તા. ૦૬-૦૬-૨૨ થી શરૂ | |

### રજાઓનું વિવરણ

| | |
|---|---|
| દિવાળી વેકેશન | દિવસ : ૨૧ |
| ઉનાળુ વેકેશન | દિવસ : ૩૫ |
| જાહેર રજાઓ | દિવસ : ૧૬ |
| સ્થાનિક રજાઓ | દિવસ : ૦૮ |
| કુલ | દિવસ : ૮૦ |

### જાહેર રજાઓ

| ક્રમ | તારીખ | વાર | તહેવાર | રજાના દિવસો |
|---|---|---|---|---|
| ૧ | ૨૧-૭-૨૦૨૧ | બુધવાર | બકરી ઈદ | ૦૧ |
| ૨ | ૧૬-૮-૨૦૨૧ | સોમવાર | પતેતી | ૦૧ |
| ૩ | ૨૦-૮-૨૦૨૧ | શુક્રવાર | મોહરમ | ૦૧ |
| ૪ | ૩૦-૮-૨૦૨૧ | સોમવાર | જન્માષ્ટમી | ૦૧ |
| ૫ | ૧૦-૯-૨૦૨૧ | શુક્રવાર | સંવત્સરી (ગણેશ ચતુર્થી) | ૦૧ |
| ૬ | ૨-૧૦-૨૦૨૧ | શનિવાર | ગાંધી જયંતિ | ૦૧ |
| ૭ | ૧૫-૧૦-૨૦૨૧ | શુક્રવાર | દશેરા | ૦૧ |
| ૮ | ૧૯-૧૦-૨૦૨૧ | મંગળવાર | ઈદ –એ –મિલાદ | ૦૧ |
| ૯ | ૨૫-૧૨-૨૦૨૧ | શનિવાર | નાતાલ | ૦૧ |
| ૧૦ | ૧૪-૧-૨૦૨૨ | શુક્રવાર | મકર સંક્રાતિ | ૦૧ |
| ૧૧ | ૨૬-૧-૨૦૨૨ | બુધવાર | પ્રજાસત્તાક દિન | ૦૧ |
| ૧૨ | ૦૧-૩-૨૦૨૨ | મંગળવાર | મહાશિવરાત્રિ | ૦૧ |
| ૧૩ | ૧૮-૩-૨૦૨૨ | શુક્રવાર | ધૂળેટી | ૦૧ |
| ૧૪ | ૦૨-૪-૨૦૨૨ | શનિવાર | ચેટીચાંદ | ૦૧ |
| ૧૫ | ૧૪-૪-૨૦૨૨ | ગુરુવાર | ડૉ.આંબેડકર જયંતિ/ મહાવીર જયંતિ | ૦૧ |
| ૧૬ | ૧૫-૪-૨૦૨૨ | શુક્રવાર | ગુડ ફ્રાઈડે | ૦૧ |
| | | | કુલ રજાઓ | ૧૬ |

નોંધ: ઉપરોક્ત જાહેર રજાઓની તારીખમાં સરકારશ્રી દ્વારા કોઈ ફેરફાર કરવામાં આવે તો તે મુજબ ફેરફાર કરવાનો રહેશે.

E:\HK-\Calender\Calender-21-22\પરિપત્ર-વાર્ષિક કેલેન્ડર ૨૦૨૧-૨૨.docx